હોકી વર્લ્ડકપ

# આજે ભારત સામે નેધરલેન્ડનો આકરો પડકાર

**સેમી** પ્રવેશને ધ્યાને લેતા FIH વર્લ્ડકપના બીજા રાઉન્ડની શરૂઆતમાં ભારત માટે ભુલનો કોઇ અવકાશ નથી

**વિશ્વ** હોકીની સૌથી જોખમી એટેકિંગ ટીમોમાની એક નેધલેન્ડ સામે ભારતને કોઇ ઢીલાશ દાખવવી પાલવે તેમ નથી




એમ્સ્ટલવીન, તા. 21 : વર્લ્ડકપના બીજા રાઉન્ડની પ્રથમ મેચમાં જ આવતીકાલે શનિવારે ભારતનો સામનો સહ-યજમાન અને વર્તમાન ઓલિમ્પિક્સ ચેમ્પિયન નેધરલેન્ડ્સ સામે થશે. સેમી ફાઇનલમાં પહોંચવાની પોતાની આશાઓ જીવંત રાખવા માટે ભારતીય ટીમે હવે કોઈપણ ભૂલ વગર શ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે.

ભારત માટે સૌથી મોટો ચિંતાનો વિષય મજબૂત શરૂઆત કર્યા પછી રમત પરથી નિયંત્રણ ગુમાવી દેવાની ટેવ છે. પાકિસ્તાન સામે 3-0 અને 4-1થી આગળ હોવા છતાં ભારતે વિરોધી ટીમને વાપસી કરવાની તક આપી હતી, જોકે અંતે ભારતે 5-3થી જીત મેળવી હતી. જ્યારે ઈંગ્લેન્ડ સામે પણ હાફ-ટાઈમ સુધી 2-1ની સરસાઈ હોવા છતાં, ત્રીજા ક્વાર્ટરમાં બે ગોલ ગુમાવીને ભારતે 2-4થી હારનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ, ડચ ટીમે તેની ત્રણેય ગ્રુપ મેચોમાં શાનદાર વિજય મેળવ્યો છે; તેમણે ન્યુઝીલેન્ડને 5-1, આર્જેન્ટિનાને 3-1 અને જાપાનને 4-1થી હરાવ્યું હતું. વિશ્વ હોકીની સૌથી ખતરનાક એટેકિંગ ટીમોમાંથી એક એવી નેધરલેન્ડ સામે ભારત કોઈપણ પ્રકારની બેદરકારી દાખવી શકે તેમ નથી.

## 1973માં આ જ મેદાન પર નેધરલેન્ડ ભારતને હરાવી પહેલો વર્લ્ડકપ જીત્યું હતું

પૂલ A ની ટોચની ટીમ નેધરલેન્ડ્સે 1973માં આ જ મેદાન પર ભારતને હરાવીને પોતાનો પહેલો વર્લ્ડ કપ જીત્યો હતો અને ત્યારબાદ 1990 અને 1998માં પણ આ ટ્રોફી પોતાના નામે કરી હતી. તેમનું આ સાતત્યપૂર્ણ પ્રદર્શન તેમને સૌથી મુશ્કેલ વિરોધી બનાવે છે, પરંતુ ભારતે સાબિત કર્યું છે કે તેઓ અજેય નથી. જૂનમાં રોટરડેમ ખાતે રમાયેલી એફઆઈએચ (FIH) પ્રો લીગની અંતિમ મેચમાં ભારતે નેધરલેન્ડ્સને 3-2થી હરાવ્યું હતું. તે મેચમાં જુગરાજ સિંહ, અભિષેક અને રાજિંદર સિંહે ગોલ કર્યા હતા અને આ ત્રણેય ખેલાડીઓ હાલની ભારતીય વર્લ્ડકપ ટીમનો હિસ્સો છે.

ભારત માટે સવાલ માત્ર વિરોધી ટીમની ગુણવત્તાનો જ નથી, પરંતુ વેગનર સ્ટેડિયમમાં હાજર હજારો દર્શકોના દબાણનો પણ છે. 10,000ની ક્ષમતા ધરાવતું આ સ્ટેડિયમ ડચ સમર્થકોથી ભરેલું રહેવાની ધારણા છે. સ્ટેડિયમમાં કેસરી રંગનું મોજું, સતત નારેબાજી અને ઘરઆંગણાની ટીમને મળતું પ્રચંડ સમર્થન ભારતીય ટીમ માટે વાતાવરણને પડકારજનક બનાવી શકે છે.

નવા ફોર્મેટ મુજબ, પૂલ D અને A ની ટોચની બે-બે ટીમો મળીને પૂલ E બનાવશે, જેમાંથી શ્રેષ્ઠ બે ટીમો સેમિફાઇનલમાં પ્રવેશશે. ભારત અગાઉ ઈંગ્લેન્ડ સામે હારી ચૂક્યું હોવાથી આ તબક્કામાં ફરી તેમની સામે નહીં રમે, પરંતુ ઈંગ્લેન્ડ 3 પોઈન્ટ આગળ લઈને ગયું છે, તેથી ભારત માટે બાકીની મેચો જીતવી ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. નેધરલેન્ડ્સ પણ પ્રથમ રાઉન્ડમાં આર્જેન્ટિનાને હરાવ્યા બાદ બીજા રાઉન્ડમાં 3 પોઈન્ટ સાથે પ્રવેશ્યું છે.

# બેડમિન્ટન વર્લ્ડ : સેમીમાં પ્રવેશ સાથે ત્રિષા અને ગાયત્રીએ ભારત માટે મેડલ પાકો કર્યો

**સાત્વિક**-ચિરાગની જોડી પુરુષ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં ચીનના લિયાંગ-વાંગની જોડી સામે હારી




નવી દિલ્હી, તા. 21 : ભારતની ત્રિષા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડીએ આજે શુક્રવારે અહીં મહિલા ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં ચીનની જિયા યી ફેન અને ઝાંગ શુ ઝિઆન સામે રસાકસીભરી જીત મેળવીને વર્લ્ડ ચેમ્પિયનશિપની સેમી ફાઇનલમાં પ્રવેશ કરીને પોતાના માટે મેડલ પાકો કરી લીધો છે. જો કે પુરુષ ડબલ્સમાં સાત્વિક સાઇરાજ રંકી રેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ક્વાર્ટર ફાઇનલમાં વિશ્વની ત્રીજા નંબરની ચીની જોડી લિયાંગ વેઈ કેંગ અને વાંગ ચાંગ સામે 36 મિનિટમાં 21-18, 21-9થી સીધી ગેમમાં હારી હતી.

બિન ક્રમાંકિત ભારતીય જોડીએ એક કલાક અને નવ મિનિટ સુધી ચાલેલી સંઘર્ષપૂર્ણ મેચમાં પહેલી ગેમ ગુમાવ્યા પછી જોરદાર લડત આપીને 16-21, 21-15, 21-13થી જીત મેળવીને પોતાની કારકિર્દીની સૌથી મોટી સફળતા મેળવી હતી. આ મેચ પહેલાં ભારતીય જોડીનો આ ચીની જોડી સામે હેડ-ટુ-હેડ રેકોર્ડ 0-3નો હતો. આ સાથે જ તેમણે અંતિમ ચારમાં જગ્યા બનાવીને ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ પાકો કરી લીધો છે. આ પહેલા 2011માં લંડનમાં યોજાયેલી બીડબલ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં મહિલા ડબલ્સમાં જ્વાલા ગુટ્ટા અને અશ્વિની પોનપ્પાની જોડીએ છેલ્લે ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. અગાઉ, ત્રિષા અને ગાયત્રીએ 2022 અને 2023માં ઓલ ઈંગ્લેન્ડ ઓપનની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. તેઓએ 2022 કોમનવેલ્થ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ પણ જીત્યો હતો.

# FIH હોકી વર્લ્ડકપ : ભારતીય મહિલા ટીમ નેધરલેન્ડ સામે હારી

**નેધરલેન્ડ** સામે 02થી મળેલી હારથી આ વર્લ્ડકપમાં ભારતીય મહિલા ટીમ પહેલીવાર પરાજીત



એમ્સટેલવીન, તા. 21 : મહિલા હોકી વર્લ્ડકપમાં આજે બીજા રાઉન્ડની પોતાની પહેલી મેચમાં ભારતીય મહિલા ટીમ નેધરલેન્ડ સામે 02થી હારતા આ વર્લ્ડકપમાં આ તેમની પહેલી હાર બની હતી. આ હારની સાથે જ હવે સેમી ફાઇનલમાં ક્વોલિફાઇ થવા માટે ભારતીય મહિલા ટીમે રવિવારે ઓસ્ટ્રેલિયા સામે રમાનારી પોતાની મેચ જીતવી જ પડશે.

નેધરેલન્ડની ટીમે શરૂઆતથી આક્રમક રમત અપનાવી હતી અને તને પગલે મેચ શરૂ થયાની બીજી જ મિનિટે યીબ્બી યાન્સેને પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવતા યજમાનોએ શરૂઆતથી જ મેચ પર પ્રભુત્વ જમાવી દીધું હતું અને તેના કારણે ભારતીય મહિલાઓ સ્પર્ધામાં પહેલીવાર ડિફેન્સીવ મોડમાં આવી ગઇ હતી. ભારતીય ટીમે પણ બે પેનલ્ટી કોર્નર મેળવ્યા હતા પણ તેઓ તેને ગોલમાં ફેરવી શક્યા નહોતા આ સિવાય પણ ભારતીય મહિલાઓએ કેટલીક તકો ઊભી તો કરી હતી પણ તેઓ તેનો ફાયદો ઉઠાવી શકી નહોતી. નેધરલેન્ડે પણ કેટલીક તકો બનાવી હતી જો કે ભારતીય ગોલકીપર સવિતાએ તેમના ઘણાં પ્રયાસો વિફળ બનાવ્યા હતા.


ઓસ્ટ્રેલિયાની આજે શરૂઆતમાં ચીન સામે રમાયેલી મેચ 1-1થી ડ્રો થઇ હતી તેથી રવિવારે રમાનારી ભારત સામેની મેચ રોમાંચક બની રહેવાની સંભાવના છે.

# ઈંગ્લેન્ડ સામે પાકિસ્તાન અઢી દિવસ પણ ટકી ન શકતા પ્રથમ ટેસ્ટ હાર્યું

**બીજા** દાવમાં જોશ ટંગ, જોફ્રા આર્ચર અને ઓલી રોબિન્સને મળીને પાકિસ્તાનનો 135 રનમાં વિંટો વાળ્યો

**પ્રથમ** દાવની 238 રનની સરસાઇ ધરાવતા ઈંગ્લેન્ડે અઢી દિવસમાં જ એક દાવ અને 103 રનથી જીત મેળવી





લીડ્ઝ, તા. 21 : અહીં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ઈંગ્લેન્ડની ઘાતક ઝડપી બોલિંગ સામે માત્ર અઢી દિવસમાં જ પાકિસ્તાન ધબાય નમઃ થતાં યજમાન ઈંગ્લેન્ડે એક દાવ અને 103 રનથી આ મેચ જીતીને સીરિઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે.

આ ટેસ્ટમાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલા પાકિસ્તાનનો પહેલો દાવ ઓલિ રોબિન્સન અને જોશ ટંગની 5-5 વિકેટને કારણે 171 રનમાં સમેટાયો હતો. તે પછી ઈંગ્લેન્ડે પોતાના પ્રથમ દાવમાં વિસ્ફોટક બેટિંગ કરતા ઈંગ્લેન્ડે 409 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો અને 238 રનની વિશાળ સરસાઈ મેળવી હતી. ઈંગ્લેન્ડ તરફથી હેરી બ્રુકે સૌથી વધુ 91 રન બનાવ્યા હતા. જોર્ડન કોક્સે 73 રન બનાવ્યા હતા, જ્યારે ભૂતપૂર્વ કેપ્ટન જો રૂટે 66 રન બનાવ્યા હતા. પાકિસ્તાન તરફથી અલી ઉસ્માનએ પ્રથમ ઈનિંગમાં પાંચ અને ખુર્રમ શહઝાદે ત્રણ વિકેટ લીધી હતી.

238 રનની ખાધ સાથે બીજો દાવ લેવા ઉતરેલા પાકિસ્તાનના બેટ્સમેનો ઈંગ્લેન્ડની ઝડપી બોલિંગ ત્રિપુટી રોબિન્સન, ટંગ અને જોફ્રા આર્ચરની ઘાતક બોલિંગ સામે ટકી શક્યા નહોતા અને તેમનો બીજો દાવ માત્ર 135 રને સમેટાયો હતો. પાકિસ્તાન તરફથી વિકેટકીપર-બેટ્સમેન મોહમ્મદ રિઝવાને બીજા દાવમાં સૌથી વધુ 41 અને શાન મસૂદે 29 રન બનાવ્યા હતા, તેમના સિવાય કોઈ બેટ્સમેન 20 રનના આંકડા સુધી પહોંચી શક્યો નહોતો.

**પાકિસ્તાન પ્રથમ દાવ 171**

| ઈંગ્લેન્ડ પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| ડકેટ LB બો.અબ્બાસ | 15 | 28 | 0 | 0 |
| એમેલિયો કો.આગા બો.અલી | 33 | 31 | 7 | 0 |
| કોક્સ કો.રિઝવાન બો.ઉસ્માન | 73 | 100 | 14 | 0 |
| રૂટ LB બો.શહઝાદ | 66 | 112 | 10 | 0 |
| બ્રુક બો.ઉસ્માન | 91 | 93 | 13 | 0 |
| લૉરેન્સ કો.રિઝવાન બો.ઉસ્માન | 51 | 79 | 9 | 0 |
| સ્મિથ કો.મસૂદ બો.શહઝાદ | 25 | 52 | 2 | 0 |
| એટકિન્સ LB બો.ઉસ્માન | 3 | 15 | 0 | 0 |
| રોબિન્સન બો.ઉસ્માન | 0 | 1 | 0 | 0 |
| આર્ચર નોટઆઉટ | 23 | 25 | 2 | 1 |
| ટંગ બો.શહઝાદ | 8 | 10 | 2 | 0 |
| વધારાના | 21 | | | |
| કુલ (89.5 ઓવરમાં ઓલઆઉટ) | 409 | | | |

**વિકેટપતન :** 1-36, 2-48, 3-198, 4-202, 5-322, 6-356, 7-364, 8-364, 9-392, 10-409

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મહંમદ અબ્બાસ | 25 | 5 | 78 | 1 |
| ખુર્રમ શહઝાદ | 21.5 | 1 | 133 | 3 |
| મહંમદ અલી | 19 | 2 | 89 | 1 |
| અલી ઉસ્માન | 24 | 1 | 95 | 5 |

| પાકિસ્તાન બીજો દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અવૈસ કો.રૂટ બો.આર્ચર | 9 | 14 | 1 | 0 |
| ઇમામ કો.સ્મિથ બો.આર્ચર | 0 | 5 | 0 | 0 |
| મસૂદ કો.ડકેટ બો.ટંગ | 29 | 56 | 5 | 0 |
| શફીક કો.બ્રુક બો.રોબિન્સન | 15 | 29 | 2 | 0 |
| શકીલ કો.લૉરેન્સ બો.ટંગ | 14 | 24 | 3 | 0 |
| આગા LB બો.ટંગ | 4 | 8 | 1 | 0 |
| રિઝવાન બો.એટકિન્સન | 41 | 39 | 5 | 0 |
| ઉસ્માન કો.કોક્સ બો.રોબિન્સન | 7 | 22 | 1 | 0 |
| શહઝાદ કો.કોક્સ બો.રોબિન્સન | 8 | 9 | 2 | 0 |
| અબ્બાસ કો.લૉરેન્સ બો.આર્ચર | 6 | 19 | 1 | 0 |
| અલી નોટઆઉટ | 0 | 0 | 0 | 0 |
| વધારાના | 2 | | | |
| કુલ (37.3 ઓવરમાં ઓલઆઉટ) | 135 | | | |

**વિકેટપતન :** 1-0, 2-13, 3-51, 4-68, 5-73, 6-76, 7-95, 8-111, 9-131, 10-135

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ઓલી રોબિન્સન | 11 | 3 | 29 | 3 |
| જોફ્રા આર્ચર | 10.3 | 1 | 50 | 3 |
| ગસ એટકિન્સન | 8 | 4 | 11 | 1 |
| ડેન લૉરેન્સ | 1 | 1 | 0 | 0 |
| જોશ ટંગ | 7 | 0 | 43 | 3 |

# શુભમન ગીલે નેટ્સમાં ડાબોડી સ્પિનરો સામે રમત સુધારવા પર ધ્યાન આપ્યું

**કુલદીપ** યાદવ અને કેએલ રાહુલ ભારતીય ટીમના પ્રેક્ટિસ સેશનમાં ગેરહાજર રહ્યા



કોલંબો, તા. 21 : ડાબોડી સ્પિન બોલિંગ સામેના નબળા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને ભારતીય કેપ્ટન શુભમન ગી લે શ્રીલંકા સામેની બીજી ટેસ્ટ પહેલા શુક્રવારે અહીં ટીમના ટ્રેનિંગ સેશન દરમિયાન આ પ્રકારની બોલિંગ સામે રમત સુધારવાની પ્રેક્ટિસ કરી હતી. ગોલ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ગીલ 16 અને 8 રન બનાવીને બંને ઈનિંગ્સમાં ડાબોડી સ્પિનર પ્રભાત જયસૂર્યાનો શિકાર બન્યો હતો. છતાં ભારતે આ મેચ 165 રને જીતી લીધી હતી. સીરિઝ બીજી ટેસ્ટ 23 ઓગસ્ટથી અહીં શરૂ થશે.

સામાન્ય રીતે ડાબોડી સ્પિનરો સામે ગીલની મુશ્કેલીનું મુખ્ય કારણ બોલની લાઇનને યોગ્ય રીતે કવર ન કરવાનું છે, જે ગોલ ખાતે જયસૂર્યા સામે રમતી વખતે સ્પષ્ટ દેખાઈ આવતું હતું. ટેસ્ટ ક્રિકેટની 42 મેચોમાં ગીલ 11 વખત ડાબોડી સ્પિનરોનો શિકાર બન્યો છે. સિંહાલીઝ સ્પોર્ટ્સ ક્લબના નેટ્સમાં ગિલે ડાબોડી સ્પિનરો સામે લાંબો સમય બેટિંગ કરી હતી, જેમાં તેણે માનવ સુથાર, રવિન્દ્ર જાડેજા અને સ્થાનિક બોલરોનો સામનો કર્યો હતો.

કુલદીપ યાદવ નેટ્સ પર હાજર રહ્યો હતો પરંતુ તેણે ન તો બોલિંગ કરી કે ન તો બેટિંગ. જોકે, ઓફ-સ્પિનર સારાંશ જૈને ઋષભ પંત અને શુભમન ગીલને થોડી ઓવરો બોલિંગ કરી હતી. પરંતુ આ તબક્કે સારાંશ જૈન બીજી ટેસ્ટની પ્લેઈંગ ઈલેવનમાં કુલદીપનું સ્થાન લેશે તેવું માનવું ઉતાવળ ગણાશે.

# U20 રેસલિંગ : કાજલે સતત બીજો ગોલ્ડ, તનુ-સવિતાએ સિલ્વર જીત્યો



બ્રાતિસ્લાવા (સ્લોવેકિયા), તા. 21 અહીં યોજાયેલી U20 રેસલિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સતત બીજું U20 વર્લ્ડ ટાઈટલ પોતાના નામે કર્યું છે, જ્યારે તનુ શર્મા અને સવિતાએ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

18 વર્ષીય કાજલે ફાઈનલમાં ચીનની જિંગરૂ સુન સામે 7-0થી શાનદાર જીત મેળવીને 76 કિગ્રા વર્ગનું ટાઈટલ જીત્યું હતું. તેણે ગયા વર્ષે 72 કિગ્રા વર્ગમાં U20 વર્લ્ડ ટાઈટલ જીત્યું હતું. 72 કિગ્રા કેટેગરીમાં, તનુએ ગોલ્ડ મેડલની મેચમાં જાપાનની ચિસાતો યોશિદા સામે જોરદાર લડત આપી હતી, પરંતુ તે 3-5થી હારી ગઈ હતી. 62 કિગ્રા વર્ગમાં, સવિતાનો સામનો ગોલ્ડ મેડલ બાઉટમાં જાપાનની મજબૂત સ્પર્ધક સાકુરા ઓનિશી સામે થયો હતો અને તે ટેકનિકલ શ્રેષ્ઠતાના આધારે (2-12થી) હારી ગઈ હતી.

# બીજી ટેસ્ટ માટે શ્રીલંકાની ટીમમાં સહાન અરાચિગે અને કામિલ મિશારાનો સમાવેશ

**અરાચિગે** રમેશ મેન્ડિસના સ્થાને જ્યારે મિશારા નિશાન ફર્નાન્ડોના સ્થાને ટીમમાં સામેલ

કોલંબો, તા. 21 : શ્રીલંકાએ રવિવારથી અહીં શરૂ થઈ રહેલી ભારત સામેની બીજી અને અંતિમ ટેસ્ટ મેચ માટે ઓફ-સ્પિન ઓલરાઉન્ડર સહાન અરાચીગે અને બેટ્સમેન કામિલ મિશારાને ટીમમાં સામેલ કર્યા છે. ગોલમાં રમાયેલી પહેલી ટેસ્ટ 165 રનથી જીતીને ભારતે બે મેચની સીરિઝમાં 1-0ની સરસાઈ મેળવી લીધી છે. રમેશ મેન્ડિસના સ્થાને અરાચીગેને ટીમમાં બોલાવવામાં આવ્યો છે. તેણે અત્યાર સુધીમાં શ્રીલંકા વતી પાંચ વનડે અને એક ટી-20 રમી છે. પ્રથમ ટેસ્ટમાં નિરાશાજનક પ્રદર્શન કરનારા નિશાન ફર્નાન્ડોના સ્થાને ટોચના ક્રમના બેટ્સમેન મિશ્રાને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત દિનેશ ચંદીમલના સ્થાને પાસિન્દુ સુરિયાબંદારા ટીમમાં જળવાઈ રહ્યો છે.

**બીજી ટેસ્ટ માટે શ્રીલંકાની ટીમ**

લાહિરુ ઉદારા, કામિલ મિશારા, પાસિંદુ સૂર્યાબંદરા, કામિન્દુ મેન્ડિસ (વાઈસ-કેપ્ટન), ધનંજયા ડી સિલ્વા (કેપ્ટન), સહાન અરાચિગે, સોનલ દીનુશા, નિરોશન ડિકવેલા, કેશરા નુવંતા, પ્રભાત જયસૂર્યા, મિલન રત્નાયકે, લાહિરુ કુમારા, અસિતા ફર્નાન્ડો, વિશ્વા ફર્નાન્ડો

# બ્રાઝિલનો દિગ્ગજ ફૂટબોલર રોનાલ્ડિન્હો થર્ડ-ટાયર ક્લબ રાવેન્નામાં જોડાયો

**નિવૃત્તિના** એક દાયકાથી પણ વધુ સમય પછી રોનાલ્ડિન્હોએ ઇટાલિયન થર્ડ-ડિવિઝન ક્લબ રાવેન્ના સાથે કરાર કર્યા




રાવેન્ના (ઇટલી), તા. 21 (AP) : તેની ફૂટબોલ ટીમ કરતાં તેના નજીકના દરિયાકિનારા માટે વધુ પ્રસિદ્ધ એવું ઈટાલિયન શહેર રાવેન્નાની થર્ડ ડિવિઝન ક્લબ સાથે બ્રાઝિલનો દિગ્ગજ ફૂટબોલર રોનાલ્ડિન્હો જોડાયો છે.

ગુરુવારે હજારો પ્રશંસકો સમક્ષ ફૂટબોલ જગતના સૌથી જાણીતા ચહેરાઓમાંથી એક એવા રોનાલ્ડિન્હોએ સ્ટેજ પર પગ મૂક્યો ત્યારે 'એન્ડ ધ વર્લ્ડ્સ ગોઈંગ ટુ નો યોર નેમ' જેવા ગીતના બોલ અતિશયોક્તિભર્યા લાગતા હતા. આગામી સીઝન માટે ઇટલીની થર્ડ-ટાયર ક્લબ રાવેન્નાની ટીમ પ્રેઝન્ટેશન દરમિયાન આ ફૂટબોલ લેજન્ડને પહેલાં પત્રકાર પરિષદમાં અને ત્યારબાદ ઝરમર વરસાદ વચ્ચે ઝંડા લહેરાવતા અને ફ્લેર્સ સળગાવતા આશરે 6,000 પ્રશંસકોની હાજરીમાં સમુદ્ર કિનારે યોજાયેલા એક ભવ્ય સમારોહમાં રજૂ કરવામાં આવ્યા હતા. જૂન મહિનામાં કરાયેલી એક આશ્ચર્યજનક જાહેરાતમાં, 46 વર્ષીય રોનાલ્ડિન્હોએ નિવૃત્તિના એક દાયકાથી પણ વધુ સમય પછી ઇટાલિયન થર્ડ-ડિવિઝન ક્લબ રાવેન્ના સાથે કરાર કર્યા હતા.

## સુડોકુ ૭૦૬૭ 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૭ | | | ૯ | | ૮ | ૫ |
| ૪ | | ૬ | | | ૧ | | | |
| | | ૩ | | | | ૭ | ૬ | |
| ૩ | | ૯ | ૧ | ૫ | ૮ | ૬ | | ૭ |
| ૬ | | ૨ | ૯ | ૩ | | | | |
| ૫ | ૧ | ૮ | | | | | ૪ | ૩ |
| | ૩ | ૪ | ૬ | | ૫ | ૮ | | |
| | ૬ | ૧ | ૮ | ૨ | | ૫ | | ૪ |
| | ૮ | ૫ | | ૯ | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

સુડોકુ-૭૦૬૬ ઉકેલ

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### પ્રમેહ (સુજાક)

ચંદ્રપ્રભાવટી રોજ બે ગોળી ત્રણ વાર લો. પ્રમેહાંતક વટી માટે વંશલોચન, શિલાજિત, રૂમીમસ્તકી, ઈસેશ, રાળ, ચણકબાબ, ઈલાયચી અને હળદર લઇ, બારીક ચૂર્ણ કરી સુખડના તેલમા ઘૂંટી વટાણા જેવડી ગોળીઓ કરો. બે બે ગોળી રોજ ત્રણ વાર લેવી. બળતરા, રસી તરત સારી થાય છે.

## આજનું પંચાંગ

**તા. 22/08/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** સુદ: દસમ: 26:01, અશ્વત્ય મારુતિ પૂજન
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 31
**યોગ :** વિષ્કુંભ **કરણ:** તૈતિલ
**નક્ષત્ર :** જ્યેષ્ઠા: 14:51 સુધી જન્મેલાની જ્યેષ્ઠા અને તે પછી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી.
**રાશિ:** વૃશ્ચિક (ન,ય) 14:51 પછી ધન (ભ,ધ,ફ,ઢ)
**દિવસ :** અશુભ - બુધ સિંહમાં : 19:33
**સુરતમાં સૂર્યોદય :** 06:21 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:02
**નવકારસી :** 07:09
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 8મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ અવલ માસનો 8મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુકાળ :** સવારે 09:30 થી 11:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** મનને સતસંગ અને આધ્યાત્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે. અટકેલા કામમાં અચાનક ગતિ આવે. સરકારી યોજનાનો લાભ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** આરોગ્ય નબળુ રહે. ખર્ચા વધશે. મન અશાંત રહે. ગુસ્સા પર કાબૂ રાખવો. અકસ્માત વગેરેથી સાવધાન.

**મિથુન (ક,છ,ઘ,):** સરકારી કામ, કોર્ટ, કચેરીમાં યોગ્ય મદદ અને માર્ગદર્શન મળે. પારિવારિક વેપાર ધંધામાં લાભ થાય.

**કર્ક (ડ,હ,):** આવક વધારવાના રસ્તા મળે. મોજ-શોખ પ્રવાસ વગેરેના ધંધામાં લાભ થાય. સંતાનોના કામમાં મદદ મળે.

**સિંહ (મ,ટ,):** જમીન, મકાન, મિલકત બાબતેની યોજના પાર પડે. ખરીદ-વેચમાં લાભ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** રચનાત્મક કાર્યમાં લાભ થાય. બહારનાં કામ માટે પ્રવાસમાં મદદ મળે. પ્રેમમાં સાથ મળે. આવક વધે.

**તુલા (ર,ત,):** વાદ-વિવાદથી બચવું. આવક વધશે. મોજ-શોખના ધંધામાં લાભ થાય. કોઇની વાતોમાં નિર્ણય બદલવા નહી.

**વૃશ્ચિક (ન,ય,):** આરામ કરવાનું મન થાય. નોકરીમાં નવી તક મળે. ધંધામાં આવક વધે. સામાજિક કાર્ય પાર પડે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આરોગ્ય નરમ રહે. મિત્રોથી મદદથી નવા કામમાં ગતિ આવે. આત્મ વિશ્વાસ વધશે. ગુપ્તભય રહે.

**મકર (ખ,જ,):** ખર્ચા વધે. સામાજિક કામ થાય. મિત્રો સાથે મનોરંજન થાય. આવક વધારવાની યોજના બને.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વેપારમાં આવક વધે. મોજ-શોખના ધંધાથી નવી તક મળે. પ્રેમમાં સાથ મળે. શુભ સમાચાર મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** પ્રવાસમાં જૂના મિત્રોની મુલાકાત થાય. નવા કામની શરૂઆત થાય. આવક-વધારવાની તક મળે.

## કોઈ પણ સાલમાં 22 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રીતે નવી તકો અને ચડતી-પડતીવાળુ તેમજ આધુનિક ટેકનોલોજીથી નવુ શીખવાનું છે. નોકરી-ધંધામાં નવા ફેરફારથી જવાબદારી અને કામનો બોજ વધશે. સમાજમાં માન વધે. પરિવાર-કુટુંબની અપેક્ષા વધવાથી દોડધામ વધશે. સંતાનોના કામ, અભ્યાસ, કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. નવા ઘર, વાહન, મકાનની યોજના પાર પડે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમાં પડે. પ્રેમ વિવાહની વાતમાં મદદ મળે. મિત્રો વડીલોની મદદ મળતી રહેશે. જૂન-જુલાઇ-રવિ-સોમ-બુધવાર 04, 13, 22, 31 તારીખે નવા કામ કરતાં રહેવું. નીલા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડિસેમ્બર શુક્ર, શનિવાર, 07,16,25 તારીખે નવાં કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ટાળવો. રાહુના ઉપાય કરતા રહેવું. વર્ષ દરમિયાન યાત્રા-પ્રવાસમાં સાવધાની રાખવી.

પૂ. આચાર્યપ્રવરશ્રી પદ્મદર્શનસૂરિજી મ.સાહેબની પ્રેરણાથી
પ. પૂ. યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજાની ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ




પશ્ચિમી જીવનશૈલીનું આંધળુ અનુકરણ વર્તમાન કાલીન ભારતીય પ્રજાના સકલ દોષો અને દુઃખનું મુળ છે.
દેવાંગ શાંતિલાલ ચોકસી - સુરત

પૂ. આચાર્યપ્રવરશ્રી પદ્મદર્શનસૂરિજી મ.સાહેબની પ્રેરણાથી
પ. પૂ. યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજાની ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ




જ્યાં સુધી ભારતની ધરતી ઉપર એકપણ ઝુપડાનું અસ્તીત્વ રહે ત્યાં સુધી તમામ ફેશનો અને વ્યસનોનો ત્યાગ કરો.
અતુલ હસમુખભાઈ બક્ષી (શ્વેતાગ) - સુરત

પૂ. આચાર્યપ્રવરશ્રી પદ્મદર્શનસૂરિજી મ.સાહેબની પ્રેરણાથી
પ. પૂ. યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજાની ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ




સમય માનવ જીવનનો, શક્તિ માનવ શરીરની અને બુદ્ધિ આર્યદેશની-જો આ ત્રણ તમારી પાસે હોય તો ધનની અલ્પતાને કારણે કદી રડશો નહીં.
જીતુભાઈ શાહ (સૂર્યપુર સોસાયટી) - સુરત

પૂ. આચાર્યપ્રવરશ્રી પદ્મદર્શનસૂરિજી મ.સાહેબની પ્રેરણાથી
પ. પૂ. યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજાની ૧૫મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ




જો બની શકે તો તમે જન્મ શુધ્ધ બનો, તે શક્ય ન હોય તો પાપ શુદ્ધ તો બનો જ.
રોનક મદ્રુ - સુરત